# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૧ જાન્યુઆરી ૨૦૨૬ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**

**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

## શ્રેણી – ૧૦

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER : YES/NO | |
| SANGH NAME | | SUPARVISOR SIGN | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૧૫)

**પ્ર.૧ સામાયિક પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના શબ્દોના માગધી લખો. (૩)**

૧. દર્શનના ધારક **દંસણ ધરાણં** ૨. વિશેષ માનવા યોગ્ય **અણુમયં**

૩. રજોહરણ–ગુચ્છાથી **પાયપુચ્છણેણં** ૪. નિષ્કલંક છે **સંસુદ્ધં**

૫. શ્રુત જ્ઞાનને વિશે **સુએ** ૬. એક જોગે **એગવિહેણં**

**(૨) નીચેના શબ્દોના અર્થ લખી કયા પાઠમાં છે? તે લખો. (૫)**

૧. જાણી–પ્રીછી **જાણીને, ઓળખ્યા છતાંય** **પહેલા વ્રતમાં**

૨. કિલામો **બાધા–પીડા થઈ હોય તો** **પ્રતિક્રમણના ત્રીજા પાઠમાં**

૩. માલાવન્નગ વિલેવણ **ફૂલની માળા, ચંદન વગેરે વિલેપન** **અગિયારમા વ્રતમાં**

૪. જોગં **કાર્યોનો** **સામાયિકના છટ્ઠા પાઠમાં**

૫. માહુરય વિહિં **મધુરા ફળની જાત, માપની મર્યાદા** **સાતમા વ્રતમાં**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો. (૭)**

૧. મૈથુનમાં કયા વ્યસનો આવે છે? **પરસ્ત્રીગમન, વેશ્યાગમન**

૨. ત્રીજા શ્રમણસૂત્રમાં ઉત્તરગુણ કયા બતાવ્યા છે? **સ્વાધ્યાય, પ્રતિલેખન**

૩. પચ્ચકખાણ એટલે શું? **વ્રત, નિયમ**

૪. સાધુ નિરંતર શેમાં શ્રમ કરે છે? **તપ, સંયમ**

૫. પાખી પ્રતિક્રમણ કયા દિવસે થાય છે? **પૂનમ, અમાસ**

૬. નમસ્કાર સૂત્રના સ્મરણથી કયા દોષોનો નાશ થાય છે? **અહંકાર, સ્વચ્છંદ બુદ્ધિ**

૭. જ્ઞાનથી આચરણને સુધારવા શેનો ત્યાગ અને શેનો સ્વીકાર કરવાનો છે? **અક્રિયા, ક્રિયા**

**(૫૫)**

**પ્ર.૨ (અ) ડાલાપાલાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૫)**

૧. પાલાના નામ લખો. **અનવસ્થિત, શલાકા, પ્રતિશલાકા, મહાશલાકા.** (૧×૧૦)

૨. શલાકામાં એક દાણો શા માટે નાંખવાનો? **જેથી ગણતરી થાય કે એક અનવસ્થિત પાલો ખાલી થયો.**

૩. સંખ્યાના પ્રકાર લખો. **સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા.**

૪. જન્મ-મરણ દૂર કરવા શું કરવું? **અનંત સંસારનો ભય પેદા કરવો. સમભાવ રાખવો.**

૫. જુગલિયાનું જઘ. ઉત. આયુષ્ય કેટલું? બે શબ્દમાં જવાબ લખો. **૧ પલ્ય, ૩ પલ્ય.**

૬. અનંતાનો ચોથો અને અસંખ્યાતાનો આઠમો ભેદ લખો.

**૪) જઘન્ય યુક્ત અનંતા ૮) મધ્યમ અસંખ્ય અસંખ્યતા.**

૭. મહાશલાકામાં એક દાણો હોય ત્યારે બાકીના પાલામાં શું હોય?

**અનવસ્થિત અને શલાકા ભરેલા છે. પ્રતિશલાકા ખાલી છે.**

૮. ઉત્કૃષ્ટ પરિત્ત અનંતા કેવી રીતે મળે? **જઘ. યુક્ત અનંતામાં એક સંખ્યા ન્યૂન ઉત્કૃષ્ટ પરિત્ત અનંતા.**

૯. આંકડામાં લખો. પાલાની ઊંડાઈ **૧૦૦૦ યોજન** પાલાની કુલ ઊંડાઈ **૧૦૦૮ ૧/૨ યોજન**

૧૦. સાતનો પરસ્પર અભ્યાસ કેટલો થાય? **૭×૭×૭×૭×૭×૭×૭=૮,૨૩,૫૪૩**

૧૧. કંદમૂળના એક ટુકડામાં કેટલા જીવ અને કેટલા શરીર અને કંદમૂળ ખાવાથી શું થાય છે? આયુષ્ય કેટલું?
લોક કેટલો છે? ત્યાં જીવ કેટલીવાર ઉત્પન્ન થયો છે? (૫)

**અનંતા જીવ, આઠમા અનંતા જેટલા. અસંખ્યાતા. આખા ભારતના બધા માણસો આખી જિંદગી લીલાં શાકભાજી ખાય અને જેટલા જીવની હિંસા થાય તેનાથી પણ વધુ સંખ્યામાં જીવો કંદમૂળનો એક ટુકડો ખાવામાં મરે છે. જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત.**

**૧૪ રાજ જેટલો. લોકના આ બધા સ્થાને જીવ અનંતીવાર ઉત્પન્ન થયો છે.**

**(આ) પુદ્ગલ પરાવર્તનના આધારે લખો. (૧૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. પુદ્ગલ પરાવર્તન કયા સૂત્રનો અધિકાર કરે છે? **ભગવતી સૂત્ર શતક ૧૨ ઉદ્દેશો ૪** (૧×૪)

૨. વચન પુદ્ગલ પરાવર્તનનો કાળ વધારે કે તૈજસ પુદ્ગલ પરાવર્તનનો કાળ વધારે? કેટલો?

**વચન પુદ્ગલ પરાવર્તનનો કાળ. અનંતગુણો.**

૩. દ્રવ્ય પુદ્ગલ પરાવર્તન કયા ભેદ છે? બે શબ્દમાં લખો. **સૂક્ષ્મ, બાદર**

૪. અનંત પરિવર્તન કેવી રીતે થાય છે?

**એક પરમાણુ, દ્વિ પ્રદેશી સ્કંધ ભેગા થવા પર અનંત પરિવર્તન થાય છે.**

૫. સૂક્ષ્મ ભાવ પુદ્ગલ પરાવર્તન એટલે શું? **એક જીવ પોતાના મરણ દ્વારા અનુભાગ બંધ અથવા રસ** (૨)

**બંધના કારણરૂપ સમસ્ત અધ્યવસાય સ્થાનોને ક્રમથી જેટલા સમયમાં સ્પર્શ કરી લે છે, તેને સૂક્ષ્મ ભાવ પુદ્ગલ પરાવર્તન કહે છે.**

૬. નારકીના એક જીવ ૧૬૮ પ્રશ્ન કેવી રીતે થાય છે? ૪–૫ લીટીમાં લખો. (૪)

**એક જીવે નારકીપણે ઔદારિક પુદ્ગલ પરાવર્તન કર્યું નથી, કરશે પણ નહિ. બાકીના છ પુદ્ગલ પરાવર્તન કર્યા છે અને કરશે. જે કરશે તે ૧, ૨, ૩ યાવત્ ઉ. અનંત તેવી રીતે અસુરકુમાર યાવત્ વૈમાનિકપણે (કુલ ૨૪ દંડકપણે) સાતમાંથી જે જે પુદ્ગલ પરાવર્તન જ્યાં જ્યાં સંભવ હોય ત્યાં તે કરે અને જ્યાં જ્યાં જે સંભવ ન હોય ત્યાં તે ન કરે. માટે એક નારકીના જીવે ૨૪ દંડકમાં ૭ ૭ પુદ્ગલ પરાવર્તન (હોય તો હા અને ન હોય તો ના) કર્યા તેના ૨૪×૭=૧૬૮ પ્રશ્ન થાય.**

**(ર) નીચેના જીવો ભૂત અને ભવિષ્યમાં કેટલા પુદ્ગલ પરાવર્તન કરશે?** **(૫)**

| | ભૂતકાળ | ભવિષ્યકાળ |
|---|---|---|
| ૧. કમળકાકડીના જીવે મનુષ્યપણે આહારક | **આહારકનું પુદ્ગલ પરાવર્તન થતું નથી.** | |
| ૨. પહેલા આરાના મનુષ્યે ભાષા | **અનંત** | **જે કરશે તે જ. ૧,૨,૩ ઉ. અનંત** |
| ૩. વરુણના દેવે વૈક્રિય | **અનંત** | **જે કરશે તે જ. ૧,૨,૩ ઉ. અનંત** |
| ૪. નારકીએ માખીપણે ઔદારિક | **અનંત** | **જે કરશે તે જ. ૧,૨,૩ ઉ. અનંત** |
| ૫. સમકિતી હાથીએ કાર્મણપણે | **અનંત** | **કરશે નહિ** |

**(ઇ) આયુષ્યના ૧૮૦૦ ભાંગાને આધારે માંગ્યા પ્રમાણે જવાબ લખો.** **(૧૩)**

૧. કેટલા જીવો ઉત્પન્ન થાય? સઅંતર કે નિરંતર? (૩×૩)

ચંદ્ર **૧, ૨, ૩ યાવત્ અસંખ્યાતા. સઅંતર કે નિરંતર.**

સૂકી હળદર **અચેત હોય એટલે જીવ ઉત્પન્ન ન થાય.**

થોર **સમયે સમયે અનંતા. નિરંતર.**

૨. સોપક્રમી આયુષ્ય તૂટવાના કારણોમાં ૧, ૫, ૬ કારણ લખો.

**૧) અધ્યવસાય : અતિ હર્ષ, અતિ શોક કે અતિ ભય વગેરેથી, ૫) પરાઘાત : વીજળી પડવી, ખાડામાં પડવું, વૃક્ષ કે મકાન વગેરે પડવાથી, ૬) સ્પર્શ : સર્પ, વીંછી વગેરે ઝેરી પ્રાણીના કરડવાથી.**

૩. ૧૮૯ વર્ષના સોપક્રમી આયુષ્યવાળો આયુષ્ય બંધ ક્યારે ક્યારે કરે?

**૧૨૬ વર્ષે, ૧૬૮ વર્ષે, ૧૮૨ વર્ષ, ૧૮૬ વર્ષ ૮ મહિના, ૧૮૭ વર્ષ ૬ મહિના ૨૦ દિવસ. આ રીતે જો ત્રીજા ભાગે આયુષ્યનો બંધ ન પડે તો છેલ્લા અંતર્મુહૂર્તમાં અવશ્ય પડે છે.**

૪. નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો. (૪)

૧. કૃષ્ણનું આયુષ્ય નિરૂપક્રમી હતું. **સાચું.**

૨. આકર્ષ બે અંતર્મુહૂર્તમાં પૂર્ણ થાય છે. **ખોટું. આકર્ષ અંતર્મુહૂર્તમાં પૂર્ણ થાય છે.**

૩. ભવધારિણી વૈક્રિયના દંડકમાં સોપક્રમી અને નિરૂપક્રમી બંને પ્રકારનું આયુષ્ય હોય છે.

**ખોટું. ભવધારિણી વૈક્રિયના દંડકમાં નિરૂપક્રમી આયુષ્ય હોય છે.**

૪. ક્ષાયિક સમકિતી સિંહનું આયુષ્ય વચ્ચેથી તૂટે છે. **ખોટું. ક્ષાયિક સમ. સિંહનું આયુ. વચ્ચેથી તૂટતું નથી.**

**(ઇ) વિરહ પદના આધારે લખો. (૧૨)**

**(૧) યોગ્ય વિકલ્પ પસંદ કરો. (૪)**

૧. ભયંકર દુ:ખ ભોગવવા એક જીવ અહીં જાય છે. (**નરક**, નિગોદ, કંદમૂળ)

૨. પલ્યના સંખ્યાતમા ભાગનું અંતર અહીં છે. (વિજય, પિયદંસણે, **સર્વાર્થસિદ્ધ**)

૩. દરેક સમયે અહીં અનંતા જીવો ઉત્પન્ન થાય છે. (**બીડ**, શેવાળ, મશરૂમ)

૪. ઉત્કૃષ્ટ ૧૨ દિવસનું અંતર આ જીવનું છે. (ચંદ્રગ્રહણ, સમુચ્ચય ગ્રહણ, **નવીન સમકિત**)

**(૨) મને ઓળખો. (૪)**

૧. જેટલો બને તેટલો મારો ઉપયોગ ઓછો કરવો જોઇએ. **ગટર**

૨. મારું અંતર ૯ દિવસ ૨૦ મુહૂર્તનું છે. **ત્રીજા દેવલોકમાં**

૩. અમારું ૧૫ દિવસનું અંતર છે. **સમુચ્ચય ગ્રહણ, નવીન સાધુ, ત્રીજી નરક**

૪. અમે અઢીદ્વીપમાં હોઇએ છીએ. **ગર્ભજ મનુષ્ય**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૪)**

૧. કઈ જગ્યાએ જવા અસંખ્ય વર્ષ સુધી જીવ જતા નથી? **અનુત્તર વિમાન**

૨. સંખ્યાતા વર્ષનું અંતર કયા દેવલોકમાં છે? **૧૧ મા દેવલોક, ૧૨ મા દેવલોક**

૩) તેર સાગરિયામાં અંતર કેટલું છે? **જઘન્ય ૧ સમય ઉત્કૃષ્ટ ૪૫ દિવસ.**

૪) ૬૩000 વર્ષ ઝાઝેરું અમારું અંતર છે. **ભરત, ઈરવતમાં ૪ તીર્થ, સામાયિક, છેદોપસ્થાનીય.**

**પ્ર.૩ સંસ્કાર વિભાગના આધારે નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો.**

૧. જિનવચનમાં શું નીતરે તેવું બોલવું? **પ્રિયધર્મતા, દઢધર્મતા**

૨. દેવોને કેવા શરીર મળ્યા છે? **દેખાવડા, શોભાયમાન**

૩. દરેકના શું જુદા હોય છે? માટે વિવાદમાં ઉતરવું નહિ. **વિચારો, અભિપ્રયો**

૪. જીવો પ્રત્યે મનમાં અને અજીવો પ્રત્યે શું ન રાખવું? **આત્મીયભાવ, મોહભાવ**

૫. પંચેન્દ્રિયમાં મન કોને નથી મળ્યું? **અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, સંમૂર્ચ્છિમ મનુષ્ય**

૬. વ્યસનથી શેનો વિનાશ થાય છે? **શરીર, કુટુંબ**

૭. શિલ્પી અને વૈજ્ઞાનિકને શેનું ઘડતર કરવું સહેલું છે? **પ્રતિમા, ધાતુ**

૮. આત્માને શેનાથી મુક્ત કરવો છે? **આરંભ, પરિગ્રહ**

૯. શું વધારવાથી કુસંસ્કાર અને દુર્ગુણ દૂર થશે? **સુસંસ્કાર, સદ્ગુણ**

૧૦. શેના સંયોગથી ઉત્કૃષ્ટ ૧૦૦૦ સાગરના કર્મ બંધાય છે? **કાયા, વચન**

(૧૦)

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. કનકરથ રાજા રાજ્યમાં અને અંતઃપુરમાં કેવા થઈ ગયા હતા? **મૂર્ચ્છિત, લોલુપ, આસક્ત**

૨. તેતલીપુત્રએ મરવા માટે કેટલા ઉપાય કર્યા? કયું ઝેર ચૂસી લીધું? **પાંચ ઉપાય કર્યા. તાલપુટ ઝેર ચૂસી લીધું.**

૩. પોટ્ટિલાને મધ્યરાત્રિએ શું વિચાર આવ્યો? **હું તેતલીપુત્રને અનિષ્ટ બની ગઈ છું. તેથી મારે પોટ્ટિલા સાધ્વી પાસે દીક્ષા લઈ આત્મકલ્યાણ કરવું તે જ શ્રેષ્ઠ છે.**

૪. નિવર્તનિક મંડળ એટલે શું? **૪૦ ધનુષ પ્રમાણ મંડળ.**

૫. તામલી તાપસને ઈશાનેન્દ્ર પદની પ્રાપ્તિ કેવી રીતે થઈ?

**અજ્ઞાન તપના ફળરૂપે શુભકર્મ ઉપાર્જનના ફળ સ્વરૂપે તેમને ઈન્દ્ર પદની પ્રાપ્તિ થઈ.**

૬. તામલી તાપસે કઈ દીક્ષા લીધી? એક શબ્દમાં લખો. **પ્રાણામા.**

૭. મૃગાવતી રાણી કેવા હતા? બે શબ્દમાં લખો. **સુકોમળ, રૂપવાન.**

૮. પારિણામિક કોને કહેવાય? **જે ભાવ કોઈપણ પ્રકારના પરિવર્તનથી પ્રાપ્ત થાય છે.**

૯. અધાર્મિક જીવો કોના શોકનું કારણ બને છે? **અનેક પ્રાણી, ભૂત, જીવ, સત્ત્વના શોકનું કારણ બને છે.**

૧૦. માટે તેનો રાજ્યાભિષેક કરો. કોણ બોલે છે અને કોને કહે છે? **તેતલીપુત્ર લોકોને કહે છે.**

પ્ર.૫ નીચેના કાવ્યની પૂર્તિ કરો.

૧. કોટવાલ, ભાડભૂંજા, સુવાવડી, ઓડથી શરૂ થતી કડી પૂર્ણ કરો.

કોટવાલના ભવે મેં કીધા, આકરા કર દંડ, બંદીવાન મરાવ્યા, કોરડાં, છડી, દંડ.

ભાડભૂંજા તણા ભવે, એકેંદ્રિય જીવ, જાર, ચણા, ઘઉં શેકિયા, પાડંતા રીવ.

સુવાવડી દૂષણ ઘણાં, વળી કાચાં ગર્ભ ગળાવ્યા, જીવાણી ધોળ્યા ઘણા, શિયળવ્રત ભંગાવ્યા.

ઓડના ભવ જે કર્યા, કૂવા, વાવ ખોદાવ્યા, સરોવર, તળાવ ગળાવિયા, વળી ટાંકા બંધાવ્યા.

૨. જેમાં પંચેન્દ્રિયની જીવાયોનિ આવતી હોય તે કડી લખો.

દેવતા, તિર્યંચ, નારકી, ચાર ચાર લાખ પ્રકાશી, ચૌદ લાખ મનુષ્યના, એમ લાખ ચોર્યાશી.

જય – જિનેન્દ્ર


- PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.
- NEXT CLASS STARTS FEBRUARY 2ND/3RD MONDAY AND TUESDAY.
- TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914.
- FOR BOOKS AND EXAM REGISTRATION.